# ઈડર ખાતે જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

બાયડ તા.૧૪

સાબરકાંઠા જિલ્લામાં ઈડરના સાપાવાડા કોટન માર્કેટ યાર્ડ ખાતે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં




જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૨૦થી વધુ લોકોને રૂ. ૪,૭૪,૬૮,૭૩૩ની સહાય સ્થળ પર ચુકવવામાં આવી હતી. આ પ્રસંગે લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા.

આ મેળાના લાભાર્થી વિજયનગરના કેલાવાના શ્રી ધ્રાંગી કાંન્તીલાલ એ જણાવ્યું હતું કે, તેઓને માનવ ગરીમા યોજના અંતર્ગત કડીયા કામની કીટની સહાય મળી છે. આ મેળા થકી મળનાર સાધન સહાયથી તેઓ પોતાનો વ્યવસાય સારી રીતે કરી શકશે. જેથી તેમને આર્થિક ઉપાર્જન વધતા પોતાના પરીવાર માટે અને બાળકોના અભ્યાસ માટે વધુ ખર્ચ કરી શકે. આ સહાય બદલ સરકારશ્રીના તેઓ અને તેમનો પરીવાર આભારી છે.

ઈડર બડોલીના વ્હાલી દીકરી મંજૂરી હુકમના લાભાર્થીના વાલી શ્રીમનસુરીએ પોતાનો આભાર પ્રગટ કરતા જણાવ્યું કે, વ્હાલી દિકરી અંતર્ગત તેમની દિકરી મહેરને રૂ.૧.૧૦ લાખનો મંજુરી હુકમ મળતા તેના ઉચ્ચ અભ્યાસ કે તેના લગ્ન વખતે પૈસાની ચિંતા રહેશે નહીં.

પ્રધાનમંત્રી આવાસના લાભાર્થી એવા હિંમતનગરના કડોલીના સેલોટ જયાબેને અહોભાવ સાથે જણાવ્યું કે, તેઓ ને સરકાર દ્વારા આવાસની સહાય મળતા તેઓ પોતાનુ પાકુ મકાન બનાવી શક્યા છે. પહેલા તેઓ જે ઘરમાં રહેતા હતા તે કાચુ હોવાથી ચોમાસામાં ઘરમાં પાણી ટપકતું હતું. જેના કારણે તેમનું અનાજ બગડતું, ચાલુ વરસાદમાં ખાવાનું બનાવવાની તકલીફ પડતી સાથે બાળકોના આરોગ્યની પણ ચિંતા રહેતી હતી. જ્યારે હવે આ બધી જ તકલીફ માંથી છૂટકારો મળ્યો છે. જે બદલ સરકારશ્રીનો તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.


## સવારે બાઈક ઉપર આવેલા બે શખ્સો દ્વારા તકતી તોડવાનો પ્રયાસ

# સેબલીયા ગ્રામ પંચાયતના ગરનાળાની નબળી કામગીરીની ફરિયાદ

### ટી.ડી.ઓ.એ સ્થળ તપાસ શરુ કરતાં ખોટું કરનારાઓમાં ફફડાટ : ગ્રામ પંચાયત તેમજ કોન્ટ્રાક્ટરને નોટિસ અપાઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૪

ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા ગ્રામ પંચાયત તાબાના મામરેચીના વાંધા ઉપર ૧૫મા નાણાપંચમાં તૈયાર કરાયેલ ગરનાળાના





કામમાં ગેરરીતી ઉઘાડી પડતાં ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા તત્વો રઘવાયા બની ગયા છે. જેમાં ગુરુવારે સવારે બાઈક ઉપર આવેલા બે અજાણ્યા ઈસમોએ ગરનાળાની દિવાલ ઉપર લગાવેલ નાણાપંચના વર્ષની તકતી હથોડાથી તોડવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારીએ બપોર બાદ સ્થળની મુલાકાત લીધા પછી ગ્રામ પંચાયત તેમજ કોન્ટ્રાક્ટરને નોટિસ આપ્યાનું પણ જાણવા મળ્યું છે.

૧૫માં નાણાપંચમાં સેબલીયા ગામ નજીક મામરેચીના વાંધા ઉપર ફળવાયેલ ગ્રાન્ટમાંથી ગરનાળું બનાવવામાં નબળું મટીરીયલ્સ અને ગુણવત્તાના માપદંડો અભરાઈએ મૂક્યાની વિગતો સામે આવી હતી. આદિવાસી વિસ્તારોમાં આવન જાવનના માર્ગમાં સરળતા માટે સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ ભ્રષ્ટ તંત્ર અને નબળી કામગીરી કરનારા કોન્ટ્રાક્ટરોની મીલીભગતના કારણે વિસ્તારની પ્રજાને ગુણવત્તાયુક્ત કામો નસીબ થતા નથી. વાંધાના નબળી કામગીરી અંગેના ફોટા સાથેના અહેવાલ પ્રસિદ્ધ થતાં સવારે બાઈક પર આવેલા બે ઈસમોએ

**ગુણવત્તાનો રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી – તાલુકા વિકાસ અધિકારી**

- ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી એન.વી.ચૌધરીએ અહેવાલ પછી વિકાસના કામની જાત મુલાકાત લીધી હતી અને કાર્યવાહીના આદેશ કરી દીધા છે. ગુણવત્તાનો રિપોર્ટ આવ્યા બાદ ગેરરીતી જણાશે તો જવાબદારો સામે પગલાં ભરવાનું પણ જણાવ્યું

**કોન્ટ્રાક્ટરના ઈશારે તકતી તોડવાનો પ્રયાસ થયાની આશંકા**

ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા પાસે મામરેચીના વાંધા ઉપર નાણાપંચની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલ ગરનાળામાં ગેરરીતી થયાની ગંભીર ફરિયાદ સામે આવી છે. આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ થયા પછી ગેરરીતીમાં સંડોવાયેલા તત્વો ફફડી ઉઠ્યા છે દરમ્યાન ગુરુવારની સવારે બાઈક પર આવેલા બે ઈસમોએ ગરનાળાની દિવાલ પર લગાવેલ તકતી તોડી નાખી ફળવાયેલ ગ્રાન્ટ અને વર્ષને નેસ્તનાબૂદ કરવાનો પ્રયાસ કરતાં કોન્ટ્રાક્ટરના ઈશારે આ કૃત્ય થયાની આશંકા પંથકમાં વ્યક્ત થઈ છે.

ગરનાળા પર લગાવેલી નાણી ગ્રાન્ટની તકતી તોડી નાખવાનો પ્રયાસ કરતાં નજીકમાં ખેતી કામ કરતા ખેડૂતો આ દ્રશ્ય જોઈ જતાં હાંકોટા કર્યા હતા જેથી બાઈક પર આવેલા ઈસમો નાસી છૂટ્યા હતા. કોન્ટ્રાક્ટરના માણસો કે પછી અન્ય ઈસમોએ આ પ્રકારની હરકત કરી છે તે હજુ સુધી બહાર આવ્યું નથી પરંતુ ગરનાળાના બાંધકામમાં ગુણવત્તા જળવાઈ છે કે કેમ..?? તે અંગે તાલુકા વિકાસ અધિકારી દ્વારા આદેશ અપાતાં સમગ્ર તાલુકામાં હલચલ મચી ગઈ છે. કોન્ટ્રાક્ટર રમેશ પંચાલ દ્વારા અન્ય વિસ્તારોમાં વિકાસના કામો થયા ત્યાં પણ તપાસ થાય તો હજુ ચોંકાવનારી વિગતો સામે આવી શકે છે.

## બદલીમાં પણ છબરડો વળ્યો

# બાયડના બાળ વિકાસ યોજના અધિકારી નિવૃત્ત થયાં છતાં વિભાગ દ્વારા બદલીનો આદેશ

### બદલી કરી મેઘરજ મૂકાતાં અધિકારીઓમાં ચર્ચાનો વિષય બન્યાં

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૪

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગત રોજ ૧૧ મહિલા અધિકારીઓની બદલીના આદેશ થયા. જેમાં બાયડના બાળ વિકાસ યોજના અધિકારી સ્વૈચ્છીક નિવૃત્તિ લીધાને ૭ મહિનાથી વધુનો સમય થયો છે. પેન્શન પણ મળતું થયું છતાં વિભાગ દ્વારા ગત રોજ તેમની બદલી મેઘરજ કરતાં સરકારી તંત્રમાં કેવો અંધેર વહીવટ ચાલી રહ્યો છે તેની ચર્ચાઓ સાંભળવા મળી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા મહિલા અધિકારીઓના ચૂંટણી અનુલક્ષીને બદલીના આદેશ થયા છે. ત્યારે સવાલ એ થાય છે કે સ્વૈચ્છીક અને નિવૃત્ત થયેલા અધિકારીઓની વિગત વિભાગ પાસે નથી કે પછી જિલ્લા કક્ષાએથી જ રાજ્ય સ્તરે અહેવાલ પહોંચ્યો નથી. ?? તેવી ચોંકાવનારી વિગત સામે આવી છે. બાયડ-૧ બાળ વિકાસ યોજના અધિકારી અમીષાબેન બી. પટેલ ૭ મહિના અગાઉ નોકરીમાંથી સ્વૈચ્છીક રાજીનામું આપી દીધું હતું અને પાછલા ૩ મહિનાથી તેમનું પેન્શન પણ શરૂ થઈ ગયું છે. ગત રોજ વિભાગ દ્વારા બદલીના આદેશ થયા જેમાં તેમની પોસ્ટીંગ બાયડમાં બતાવી છે અને બદલી કરીને મેઘરજ-૧ સી.ડી.પી.ઓ. તરીકે બદલીનો આદેશ થતાં અરવલ્લી જિલ્લામાં બાયડ-૧ સી.ડી.પી.ઓ.ની બદલી ટોક ઓફ ધ ટાઉન બન્યાનું જાણવા મળ્યું છે. સરકારમાંથી પેન્શન શરુ થઈ જાય અને આવા અધિકારીની બદલી થાય તો પછી ભાંગરો વાટવામાં જવાબદારી કોની..?? ભૂતકાળમાં બાયડ તાલુકામાં મૃત્યુ પામેલા કર્મચારીઓને પણ ચૂંટણીલક્ષી ઓર્ડર થયાની ગપસપ સાંભળવા મળી હતી.

# પાલનપુર પંથકના ધાણધાની સગીરાને ડરાવી ધમકાવી સેલ્ફી લઈ ફોટો વોટ્સએપ સ્ટેટ્સમાં વાઈરલ

પાલનપુર તા. ૧૪

પાલનપુર તાલુકાના ધાણધા ગામની એક સગીરાની એકલતાનો લાભ ઉઠાવી તેને ડરાવી ધમકાવી તેની સાથે સેલ્ફી લઈ તેમજ છેડછાડ કરી સેલ્ફી વાળો ફોટો પોતાના વોટ્સએપ સ્ટેસ્ટ્સમાં વાઈરલ કરતા આ મામલે ગામનાજ યુવક વિરુદ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પાલનપુરની ખાનગી સ્કુલમાં ધો.૧૨ માં અભ્યાસ કરતી ધાણધા ગામની એક સગીર વિદ્યાર્થીનીનો ધાણધા ગામનો દિલીપસિંહ ઉર્ફે પિન્ટુ માનસિંહ ચાવડા (રાજપૂત) છેલ્લા છ માસ થી પાલનપુરમાં દિલ્લી ગેટ થી તેની સ્કુલ સુધી પીછો કરી કેટલીક વાર તેને રસ્તામાં રોકી તેનો ફોટો પાડી આ ફોટા બધે મોકલી બદનામ કરવાનો ધમકી આપતા આ યુવકના બ્લેકમેઈલ ના ડર થી ગભરાયેલી સગીરાએ બનાવ મામલે કોઈ ને વાત ન કરતા આ યુવક પંદર દિવસ પહેલા સગીરા તેના ઘરે એકલી હતી તે સમયે તેના ઘરે આવી ડરાવી ધમકાવી તેની સાથે સેલ્ફી લઈ છેડછાડ કરતા સગીરાએ તેનો તીરસ્કાર કર્યા યુવક ગુસ્સે થઈ નીકળી ગયો હતો. બાદમાં સગીરા સાથેની સેલ્ફીનો ફોટા પોતાના મોબાઈલના વોટ્સએપ સ્ટેસ્ટ્સ માં વાઈરલ કરતા જેની જાણ સગીરાના પરીવાર ને જાણ થતા પોતાની સગીરા ને ડરાવી ધમકાવી તેનો ફોટો વાઈરલ કરી છેડતી કરનાર ધાણધા ના દિલીપ સિંહ માન સિંહ ચાવડા વિરુદ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

# ભિલોડાના વાંકાનેરમાં ઘરેથી ગાયબ સગીર-સગીરાના કૂવામાંથી મૃતદેહ મળ્યા

### કૂવામાંથી દુર્ગંધ ફેલાતાં મૃતદેહની જાણ થઈ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૪

ભિલોડાના વાંકાનેરના સીમાડામાં કૂવામાંથી સગીર-સગીરાના અત્યંત વિકૃત હાલતમાં મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. મૃતક બંને ઘરેથી ગાયબ થયા પછી શોધખોળ ચાલતી હતી ત્યાં કૂવામાંથી અત્યંત દુર્ગંધ ફેલાતાં ખેડૂતની તપાસ પછી મૃતદેહની જાણકારી મળી છે જેથી ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે.

ભિલોડા તાલુકામાં મૃતદેહ મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. તાલુકાના વાંકાનેર ગામની સીમમાં તા.૧૨ના રોજ કૂવામાંથી સ્થાનિક સગીર-સગીરાના મૃતદેહ મળી આવતાં અનેક પ્રકારની શંકાકુશંકાઓ શરુ થઈ છે. ખેડૂત દિનેશભાઈ ધુળાભાઈ પટેલ ખેતરમાં ગયા હતા જે સમયે નજીકના ખેતરમાંથી અત્યંત દુર્ગંધ ફેલાઈ હતી જેથી કોઈ વન્ય પ્રાણી મૃત્યુ પામ્યું હશે તેમ માની ભાનુભાઈ ઠાકરના કૂવામાં ડોકીયું કરતાં પાણી ઉપર તરતા બે મૃતદેહ જોતાં ચોંકી ઉઠ્યા હતા. ઘણા દિવસથી પાણીમાં મૃતદેહ પડ્યા હોવાના કારણે અત્યંત વિકૃત થઈ ગયા હોવાથી શરુઆતમાં ઓળખ મુશ્કેલ હતી પરંતુ બનાવ અંગે પોલીસને જાણ કર્યા પછી તપાસ શરુ કરવામાં આવતાં મૃતક પંકજ રમેશભાઈ ડાભી (ઉ. ૧૮ વર્ષ) અને સરસ્વતીબેન લાલજીભાઈ હોથા(ઉ. ૧૫ વર્ષ) બંન્ને વાંકાનેરછાપરાના હોવાની જાણકારી મળતાં વાલી-વારસોને સ્થળ ઉપર બોલાવવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બંન્નેના મૃતદેહને પી.એમ. માટે હોસ્પિટલમાં મોકલી આપી એક સાથે મરવાનું કારણ શોધવા માટે તપાસ શરુ કરવામાં આવી છે.

# પાલનપુર ઈનરવ્હીલ કલબ દ્વારા જંગલમાં વૉટર પૉટ અને પક્ષી ઘર મૂકાયા



પાલનપુર તા.૧૪

વર્લ્ડ વાઈલ્ડ લાઈફ વીક ની ઉજવણી અંતર્ગત ઈનરવ્હીલ કલબ ઑફ પાલનપુર સિટીની બહેનો દ્વારા જેસોર વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીમાં અલગ-અલગ સ્થળે વન્ય પ્રાણીઓને પીવાના પાણી માટે વૉટર પૉટ તેમજ પક્ષી ઘર મૂકવામાં આવ્યા હતા. જંગલ વિસ્તારમાં પ્રાણીઓ તેમજ પક્ષીઓને પીવાના પાણીની મુશ્કેલી ઉભી ના થાય તે માટે વર્લ્ડ વાઈલ્ડ લાઈફ વીકના ઉજવણીના ભાગરૂપે ઈનરવ્હીલ કલબ ઑફ પાલનપુર સીટીના એન્વાયરમેન્ટ કન્વીનર વિના મેથ્યુસ અને આર.એફ.ઓ શક્તિસિંહ પરમાર તેમજ કલબના દ્વારા આયોજન કરવામાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલબના પ્રમુખ પ્રફુલ્લાબેન મોદી, સેક્રેટરી લત્તા અગ્રવાલ તથા ભાવનાબેન પટેલ, સહિત કલબના સભ્ય ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બનાસકાંઠાના કિસાનો સ્પેશ્યલ ટ્રેન મારફતે ભારત ભ્રમણની યાત્રા કરી પરત ફર્યા

### ૯૦૩ કિસાનો બનાસ કિસાન સ્પેશ્યલ ટ્રેન મારફતે સવા મહિનાના પ્રવાસ



પાલનપુર તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો દેશભરના યાત્રાધામ અને જોવાલાયક સ્થળોનો પ્રવાસ માટે કિસાન યાત્રાનું આયોજન કરાયું હતી જેમાં ૯૦૩ કિસાનો સવા માસ અગાઉ પાલનપુર ખાતેથી બનાસ સ્પેશન ટ્રેન મારફતે ભારત ભ્રમણની યાત્રાએ ગયા હતા જે યાત્રીઓ પ્રવાસ કરી પરત ફરતા તેમનું વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરાયું હતું.

બનાસકાંઠા જિલ્લામાં દર વર્ષે કિસાન યાત્રાનું આયોજન કરવામાં આવે છે પરંતુ ગત વર્ષે કોરોનાને લઈ કિસાન યાત્રા રદ રહી હોય આ વર્ષે ફરી કિસાન યાત્રાનું આયોજન કરાયું હતું જેમાં મહિલાઓ સહિત ૯૦૩ કિસાનો જોડાયા છે અને આ કિસાન ભાઈ બહેનો ગત તાં.૧ સપ્ટેબર ના રોજ સવા મહિનાની ભારત ભ્રમણની યાત્રા પાલનપુર રેલવે સ્ટેશન પર થી બનાસ કિસાન સ્પેશ્યલ ટ્રેનમાં રવાના થયા હતા.

જોકે આ યાત્રામાં યાત્રીઓએ ઉત્તર અને દક્ષિણ ભારતની સાથે ધાર્મિક સ્થળો અને જોવાલાયક સ્થળો નો પ્રવાસ કરી સવા મહિને પરત ફરતા ધાણધા ખાતે તેમનું વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું જોકે બનાસકાંઠાના ખેડુતો યાત્રાની સાથે ભારત ભ્રમણ કરી શકે તે માટે પાંચ વખત કિસાનયાત્રાનું આયોજન કરાયું હતું જેમાં દશ હજાર જેટલા ખેડુતો યાત્રામાં જોડાઈ ભારત ભ્રમણ કર્યુ છે.

# પાલનપુરમાં બિલ્ડીંગના પહેલા માળે આવેલી દુકાનમાંથી રૂપિયા ૧.૬૮ લાખના મોબાઈલની ચોરી

પાલનપુર તા.૧૪

પાલનપુરમાં કોઝી ટાવરમાં પહેલા માળે આવેલી મોબાઈલની દુકાનના શટરનું તાળુ તોડી અંદર પ્રવેશેલા તસ્કરોએ વિવિધ કંપનીના રૂપિયા ૧.૬૮ લાખના મોબાઈલ નંગ ૧૫ની ચોરી કરી હતી. આ અંગે અમીરગઢના બાંટાવાડાના વેપારીએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પાલનપુરમાં કોઝી ટાવરમાં પહેલા માળે આવેલી યશવી મોબાઈલની દુકાનના શટરનું તાળુ તોડી બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો અંદર પ્રવેશ્યા હતા. જ્યાં શો કેસના કાચ તોડી સેમસંગ કંપનીના રૂપિયા ૯૮,૬૦૦ના મોબાઈલ ફોન નંગ ૭, રીયલ મી કંપનીના રૂપિયા ૩૦,૦૦૦ના મોબાઈલ ફોન નંગ ૩ અને ટેકનો કંપનીના રૂપિયા ૪૦,૦૦૦ના મોબાઈલ ફોન નંગ ૫ મળી કુલ રૂપિયા ૧,૬૮,૬૦૦ના કુલ ૧૫ નંગ મોબાઈલ ફોનની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ અંગે વહેલી સવારે જાણ થતાં વેપારી અમીરગઢના બાંટાવાડાના મુકેશભાઈ કાન્તિભાઈ કરપટીયા (પટેલ)એ પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ગૂનો નોંધી પોલીસે તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## દુકાનમાં ત્રણ જણાં મોબાઈલ વેચતા હતા

દુકાન પાલનપુર તાલુકાના ભાગળના કેશુભાઈ ચૌધરીની છે. જેનું રૂપિયા ૨૧,૦૦૦ ભાડું ચુકવવામાં આવે છે. બાંટાવાડાના મુકેશભાઈ, તેમના ભાઈ પરેશભાઈ અને રામપુરા ગામના નરેશભાઈ દુકાનમાં મોબાઈલ વેચતા છે.

# પ્રાંતિજ ખાતે ગુજરાત ગૌરવ યાત્રા લઈ આવેલ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાનું સ્વાગત



પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ગુજરાત ગૌરવ યાત્રા ને લઈ ને આવેલ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્ત રૂપાલા નું ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ. ગુજરાત ગૌરવ યાત્રા પ્રાંતિજ ખાતે આવી પહોચતા ભાજપ સંગઠન ના હોદેદારો તેમજ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડીને ગૌરવ યાત્રાનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ અને યાત્રા લઈ ને આવેલ કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલ નુ ફુલહાર પહેરાવી ને ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ હતુ અને ભાજપ દ્વારા ગૌરવ યાત્રાને વધાવી લેવામા આવી હતી તો શંકરભાઈ ચૌધરી , કે.સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા તો આ પ્રસંગે પ્રાંતિજ-તલોદ ના ધારાસભ્ય અને મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર , સાંસદ દિપસિંહ રાઠોડ , પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ફુલહાર પહેરાવી ભવ્ય સ્વાગત કરી ગૌરવ યાત્રા વધાવી લેવામાં આવી હતી.

# ગૌરવયાત્રાનું બાયડમાં ભવ્ય સ્વાગત : કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને બાયડ અને મોડાસામાં સભા ગજવી

### ગોપાલ ઈટાલિયાની ટિપ્પણી પર કેન્દ્રીય મંત્રીએ દિવાલિયા માનસિકતાને નિંદા ગણાવી

મોડાસા, તા. ૧૪

વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે ત્યારે રાજકીય પક્ષોએ પ્રચાર અભિયાન તેજ કર્યું છે. ત્યારે ભાજપ દ્વારા શરૂ કરાયેલ ગુજરાત ગૌરવ યાત્રા આજે અરવલ્લી જિલ્લામાં પ્રવેશી છે. ભાજપની ગુજરાત ગૌરવ યાત્રા આજે સાંજે ૬ વાગે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં બાયડ તાલુકાના તેનપુર થી અરવલ્લી જિલ્લામાં પ્રવેશી હતી. બાયડના ભુડાસનમાં યાત્રાનું સ્વાગત કરાયું હતું. આ યાત્રામાં પૂર્વ મંત્રી દિલીપ ઠાકોર પૂર્વ યુવા ભાજપ પ્રમુખ ઋત્વિજ પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા બાયડ પહોંચતા જ જાહેર સભા યોજાઈ હતી.

સભામાં બોલતા ધર્મેન્દ્ર પ્રધાને કોંગ્રેસને આડે હાથ લીધી અને કહ્યું કે એક પરિવાર દેશનો માલિક બનીને બેઠો હતો. અમે જનતાના મજૂર છીએ કહી કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. સમય કરતાં એક કલાક લેટ એટલે કે ૯ કલાકે યાત્રા મોડાસા પહોંચી. ત્યાં પણ મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો યાત્રામાં ઉપસ્થિત રહી સ્વાગત કર્યું હતુ. મોડાસા કે એન શાહ હાઈસ્કૂલમાં જાહેર સભાને મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંબોધન કર્યું હતું.






બાયડમાં સભા કર્યા બાદ મોડાસામાં પણ સભા યોજવામાં આવી હતી. ત્યારે મોડાસા સભા શરૂ થાય એ અગાઉ ભાજપ કાર્યકરો કમાની સટાઈલમાં નાચી ઉઠ્યા હતા. રાત્રે સભા હતી છતાં કાર્યકરોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારે કહી શકાય કે ચૂંટણી આવતા જ કાર્યકરોમાં પણ રાજકીય ગરમાવો આવતો ગયો છે.